NET ની લાયકાતમાંથી મુક્તિ આપવાની
સમય-મર્યાદામાં વધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર

કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ગકવ-૧૪૨૦૦૬-૩૨૮૨-Part-I-ક.૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 15 SEP 2012

વંચાણમાં લીધા :-

કૃષિ અને સહકાર વિભાગના તા.૧૮.૧.૨૦૦૭ તથા તા.૫.૯.૨૦૦૮ ના પત્રક્રમાંકઃ- ગકવ-૧૪૨૦૦૬- ૩૨૮૨-ક.૨

**આ મુ ખઃ-**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ સંવર્ગની સીધી ભરતીમાં NET (National Eligibility Test) ની લાયકાત ફરજીયાત રીતે લાગુ પાડવાની સૂચનાઓ તા.૧૮.૧.૨૦૦૭ ના પત્રથી આપવામાં આવેલ હતી પરંતુ જે તે સમયે કૃષિ યુનિવર્સિટીઓ તથા સંબંધિત કર્મચારી મંડળો તરફથી મળેલ રજૂઆતોને ધ્યાનમાં રાખીને તા.૫.૯.૨૦૦૮ના પત્રથી મદદનીશ પ્રાધ્યાપકોની સીધી ભરતી માટે નોકરીમાં જોડાયા તારીખથી ત્રણ વર્ષમાં NET ની લાયકાત મેળવવાની રહેશે તે બાબતની સૂચનાઓ બહાર પાડેલ હતી. કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વર્ષ ૨૦૦૬ અને ત્યારબાદ મદદનીશ પ્રાધ્યાપકની સીધી ભરતીમાં જે તે સમય અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મદદનીશ પ્રાધ્યાપકની સીધી ભરતીમાં NET ની લાયકાતમાં સરકારની મંજૂરીની અપેક્ષાએ છૂટછાટ આપીને ભરતી કરવામાં આવેલ હતી પરંતુ સીધી ભરતીના નિમણુંક પામેલ કેટલાક ઉમેદવારો હજુ સુધી NET ની લાયકાત પૂર્ણ કરી શકેલ ના હોઈ તેઓને NET ની લાયકાત મેળવવા અંગેની સમય-મર્યાદામાં વધારો કરવાની બાબતે પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

**ઠ રા વ :-**

(૧) કૃષિ અને સહકાર વિભાગના તા.૫.૯.૨૦૦૮ ના નિર્ણય પછી NET પરીક્ષામાં ત્રણ વર્ષની એટલે કે તા.૪.૯.૨૦૧૧ સુધી છૂટછાટ આપવામાં આવી છે તે સમય-મર્યાદા વધુ પાંચ વર્ષ સુધી એટલે કે તા.૪.૯.૨૦૧૬ સુધી લંબાવવામાં આવે છે.

(૨) સરકારની મંજૂરીની અપેક્ષાએ તા.૫.૯.૨૦૦૮ પહેલાં જે કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા મદદનીશ પ્રાધ્યાપક અને સમકક્ષ સંવર્ગની સીધી ભરતી NET સિવાયના ઉમેદવારોથી કરવામાં આવી હોય તેઓને પણ NET ની લાયકાત મેળવવા માટે લંબાવેલી સમય-મર્યાદા લાગુ પડશે.

(૩) મદદનીશ પ્રાધ્યાપકની સીધી ભરતીમાં ICAR દ્વારા જે કિસ્સામાં NET પરીક્ષા લેવાતી ના હોય અને કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા તેવા ઉમેદવારોની ભરતી કરવામાં આવી હોય તેવા નિમણુંક પામેલાં ઉમેદવારો માટે UGC / CSIR / કેન્દ્ર સરકારની એજન્સીઓ / ગુજરાત સરકાર કે અન્ય અધિકૃત એજન્સી દ્વારા Eligibility Test લેવાતો હોય તો આ વધારેલી સમય-મર્યાદામાં જરૂરી લાયકાત

(પાછળ...)

મેળવી લેવાની રહેશે અને આવી કોઈ Test લેવાતી ના હોય તેવા કિસ્સામાં Eligibility Test માંથી મુક્તિ આપવા સંબંધિત કૃષિ યુનિવર્સિટીઓ તરફથી અધિકૃત દરખાસ્ત મળ્યે વ્યક્તિગત કિસ્સામાં વિચારણા કરવામાં આવશે.

(૪) લંબાવવામાં આવેલ સમય-મર્યાદા દરમ્યાન જે તારીખે Eligibility Test પાસ કરવામાં આવી હોય તે તારીખથી જ સંબંધિત ઉમેદવારને નિયમિત કરવાના રહેશે અને NET પરીક્ષાની લાયકાત મેળવી ના હોય ત્યાં સુધી મળવાપાત્ર પગાર-ધોરણના લઘુત્તમ પગાર ધોરણ આકારવાના રહેશે જે દરમ્યાન કોઈપણ ઈજાફા પણ મળવાપાત્ર થશે નહિં.

(૫) લંબાવવામાં આવેલ સમય-મર્યાદા દરમ્યાન નિમણુંક પામેલા ઉમેદવારો Eligibility Test ની લાયકાત મેળવી શકે નહિં તેવા કિસ્સાઓમાં નિમણુંકની લાયકાત નહિં મેળવવાની શરતના ભંગ બદલ તેઓની નોકરી સમાપ્ત કરવા સહિતની નિયમોનુસારની કાર્યવાહી કૃષિ યુનિવર્સિટીઓએ હાથ ધરવાની રહેશે.

(૬) આ ઠરાવના સંદર્ભમાં સ્પષ્ટતા કરવાની કે વધારવામાં આવેલી સમય-મર્યાદા વિભાગના તા.૫.૯.૨૦૦૮ ના પત્રક્રમાંકઃ- ગકવ-૧૪૨૦૦૬-૩૨૮૨-ક.૨ થી આપવામાં આવેલી સૂચનાઓના સંદર્ભમાં નિમણુંક પામેલ સીધી ભરતીના મદદનીશ પ્રાધ્યાપક અને તેને સમકક્ષ ઉમેદવારોના કિસ્સામાં જ લાગુ પાડવાની થાય છે એટલે કે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં સીધી ભરતીમાં NET ફરજીયાત ગણવાની કૃષિ અને સહકાર વિભાગના તા.૧૮.૧.૨૦૦૭ ના પત્રક્રમાંકઃ- ગકવ-૧૪૨૦૦૬-૩૨૮૨-ક.૨ થી બહાર પાડવામાં આવેલી સૂચનાઓ અમલમાં ગણવાની રહેશે.

(૭) ઠરાવની જોગવાઈઓનો અમલ કરવામાં તેના અર્થઘટનના કારણે મૂશ્કેલી જણાતી હોય તેવા સંજોગોમાં તેનો અમલ કરતાં પહેલાં સરકારશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે તથા આ ઠરાવનું ચોક્કસાઈ પૂર્વક અમલીકરણ કરવાની જવાબદારી કુલસચિવ તેમજ કોમ્પ્ટ્રોલરની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એસ.કે.પટેલ)
ઉપ સચિવ (કૃ.યુ.)
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ

જા. ન. આકૃયુ/રજી/એડીએમ-૧/૧૦૪૭૬ /૧૨ તા.૨૧/૯/૨૦૧૨

<u>નકલ સવિનય રવાનાઃ</u>

૧. આ યુનિવર્સિટીના યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ ઉકત વિગતે જાણ તથા આપના વિભાગમાં મદદનીશ પ્રાધ્યાપક અને તેની સમકક્ષ જગ્યાએ સીધી ભરતીથી નિમણૂંક પામેલા સબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરાવવા સારૂ.

૨. હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ.

૩. નિયામકશ્રી (આઇ.ટી.), આ.કૃ.યુ., આણંદ... ઉકત ઠરાવને યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવા સારૂ.

૪. આ કચેરીની સંકલન શાખા / ખાનગી શાખા તરફ જાણ સારૂ.